## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

દેખ્યાનો દેશ ભલે લઇ લીધો નાથ.
પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડયાની મોજ છીનવી લીધી.
ને તોય પગરવની દુનિયા અમારી !

- ભાનુપ્રસાદ પંડયા.

### પાથેય

- રમેશ ઠક્કર

## અજબ ખુમારી,ગજબ જિંદગી...

ઈશ્વરની રચનામાં કોઈ જગ્યાએ અધુરપ નથી હોતી..આપણે જેને મર્યાદા માનીએ છીએ એ વિશેષતા હોય છે.કહેવાય છે કે કુદરતી રીતે કોઈ મુશ્કેલી કે મુસીબત ઉભી થાય તો એની સાથે જ એનો ઉકેલ પણ સામેલ હોય છે..આપણે આ રહસ્યને સમજયા વગર નિરાશ થતા રહીએ છીએ..કુદરતી રીતે ક્ષતિ રહી ગઈ હોય એવા કે શારીરિક માનસિક રીતે પડકારરૂપ વ્યકિતઓ પાસે છૂપી શકિતઓ હોય છે.દુનિયા એમને દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ કે અક્ષમ તરીકે ભલે ઓળખતી રહે પણ કેટલીય એવા સદગુણો આ લોકોમાં હોય છે જે એમને અન્ય લોકો કરતાં અનોખા સાબિત કરે છે. જગત જેને સહાનુભૂતિથી જુએ છે એવા લોકોની આંતરિક તાકાત ગજબ હોય છે..ચર્મચક્ષુ ભલે ના હોય પણ આપણી કલ્પના શકિતને કોણ રોકી શકે છે ? બાહય જગતનો જે વૈભવ છે એ ભલે જન્મદાતાએ છીનવી લીધો હોય પણ કલરવ કે કોલાહલનો લય માણતાં કોણ રોકી શકે ? માણસને શું મળ્યું છે એનો હિસાબ હોય છે પણ પોતાની અંદર શું છુપાયેલું છે એ જોવાની દરકાર હોતી નથી..સંગીત ગાયન પેઈન્ટિંગ કે કલાજગતમાં આવા લોકોની શકિતઓ જબરજસ્ત રીતે ખીલી ઉઠે છે.

જેને પગ નથી એવો માણસ ભૌતિક રીતે ભલે ચાલી શકતો નથી પણ એને સફર કરવી હોય તો અનેક ઉપાય છે..એના પગરવની પરિભાષા નિરાળી બની રહે છે. ઘણીવાર સક્ષમ માણસ કરતાં જેને તકલીફ હોય એવા માણસો પોતાની શકિતઓનો વધારે કાર્યક્ષમ રીતે ઉપયોગ કરતા હોય છે..આપણી આસપાસ આવા અનેક લોકો જોવા મળે છે જે શારીરિક મર્યાદાઓ વચ્ચે પણ આશ્ચર્યજનક રીતે ઘણી બધી સિધ્ધિઓ મેળવતા રહે છે.. આજની દુનિયામાં તો દિવ્યાંગ લોકો પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી ચુકયા છે.એમની સહનશક્તિ, સંવેદનશીલતા અને ધીરજ જેવા ગુણો એમને ઉંચેરા સાબિત કરે છે..ખુમારી એ એમની આગવો ગુણ હોય છે અને એટલે જ એ ઈશ્વરને પણ કહી શકે છે કે ભલે તમે મને એકાદું અંગ ઓછું આપ્યું છે પણ જે આપ્યું છે એનો અસરકારક ઉપયોગ કરવાની શકિત આપી છે એ પણ ઘણું છે. દિવ્યાંગ વ્યક્તિઓમાં અદભુત સુષુપ્ત શક્તિઓ પડેલી હોય છે. એ આપણી પાસેથી સંવેદના અને તેમના સ્વીકારની અપેક્ષા રાખે છે. આ લોકો ખુબ લાગણીશીલ હોય છે...પ્રથમ મુલાકાતે જ એ તમારી સાથે આત્મીય બની જતા હોય છે..એમની વચ્ચેની સ્પર્ધા આપણા જેવી કાતિલ નથી હોતી..દિવ્યાંગ એકમેકને પૂરક બને છે..પરસ્પરની મર્યાદાઓને સહજ સ્વીકારે છે..આ ગુણ શીખવા જેવો છે એમની પાસેથી..એમનામાં જન્મજાત કલાનો ભાવ રહેલો હોય છે..સમયાંતરે દિવ્યાંગ બાળકોને મળવાથી આપણી સંવેદનાને એક ઓપ મળે છે..આપણું માણસ હોવું જાણે પુરવાર થાય છે.

માટીકામ..ભરતગૂંથણ..સુથારીકામ..સંગીત ખેલકૂદ શિક્ષણ કે કોઈપણ હુન્નર હોય જો આપણે થોડીક લાગણી થકી એમને બિરદાવીએ તો એમની અદ્ભૂત શકિતઓ પ્રગટતી હોય છે..કયારેક સમય મળે તો એમની દુનિયામાં એકાદું ડોકિયું કરી લેજો..એમને આનંદ થશે,તમે નિરાશ નહીં થાઓ..!

# જીવન પરીક્ષા કરતાં ઘણું વધારે મૂલ્યવાન છે

**તંત્રીસ્થાનેથી...**

દસમા અને બારણા ધોરણની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે અને કોરોનાકાળમાં ઘરમાં પુરાઈ રહીને તથા ઓનલાઈન શિક્ષણ મેળવીને વિકટ પરિસ્થિતિમાં આ પરીક્ષાઓના ઉંબરો પહોંચેલા લાખો કિશોરવયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ હોંશે હોંશે પરીક્ષાખંડમાં પ્રવેશી કારકિર્દીમાં મંગલાચરણ સમી આ હાઈસ્કૂલ તથા હાયર સેકંડરી સ્કૂલની પરીક્ષા આપવા રંગેચંગે ઊમટ્યાં છે. અગાઉ કરતાં આ વખતના પરીક્ષાર્થીઓની મનોદશા અને શાળા તથા વાલીઓની માનસિકતા ઘણી અલગ હોય તે સ્વાભાવિક છે. શાળામાં ગયા વગર જ સીધા પરીક્ષા આપવા જવું પડ્યું હોય એવી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાયેલ કિશોર-કિશોરીઓ માટે પરીક્ષા એક પડકાર બનીને આવી છે. એમને પરંપરાગત શૈલીનું પ્રત્યક્ષ શિક્ષણ નહીં મળી શક્યું હોઈ એ થોડો ભય પણ અનુભવતા હોય તે બનવાજોગ છે. પોતાનાં લાડકાં સંતાનોની કારકિર્દી બનાવવા ખાતર માતાપિતા કોચિંગ કલાસીસથી લઈ અન્ય રીતરસમો પણ અપનાવતાં હોય છે. પરીક્ષામથકો બહાર વાલીઓ મોટી સંખ્યામાં ટોળે વળતા હોય છે. ચિઠ્ઠી ચબરખી કોઈ નવાઈની વાત નથી, બલકે અંતરિયાળ પરીક્ષા કેન્દ્રોમાં તો સામે ચાલીને સામૂહિક ચોરી કોપી વગેરેના કાંડ સરજાતા રહ્યા છે. એથી પરીક્ષા કેન્દ્રનું ઊંચું પરિણામ આવે છે જે એની યશકલગીમાં છોગું બની રહે છે. બોર્ડ દ્વારા આવા પરીક્ષા કૌભાંડો રોકવાના સંનિષ્ઠ પ્રયાસો પણ થતા રહે છે. હવે તો વાત સીસીટીવી કેમેરા સુધી પહોંચી છે. સ્કવોડ પણ ગમે ત્યારે એકાએક જાણ કર્યા વિના ત્રાટકે છે. આથી સૌથી મોટું નુકશાન પરીક્ષા આપી રહેલ કુમળી વયના વિદ્યાર્થીને થાય છે. એના બાળમાનસ પર પરીક્ષા શરૂ થાય ત્યાંથી છેલ્લું પેપર પૂરું થાય ત્યાં સુધી ડરનું આવરણ છવાયેલું રહે છે. આ ભયગ્રંથિ એને પોતાની ક્ષમતાનો યોગ્ય હિસાબ આપવામાં અડચણ ઊભી કરે છે. એક તો સળંગ બે વર્ષ સુધી ઘરમાં પુરાઈ શાળા પરિસર અને પરિવેશથી દૂર રહેવાનું આવ્યું, સતત બધું જ ઓનલાઈન ચાલતું રહ્યું અને પ્રત્યક્ષ કાર્ય કરતાં સાવ જ મિકેનિકલ - યંત્રવત્ બની ભણવા ખાતર ભણવું પડ્યું. એથી લખવાનો મહાવરો તો છૂટી જ ગયો. જે લખાયું તે ટેબ્લેટ પર કે કોમ્પ્યુટર પર લખાયું. આવી પરિસ્થિતિ પછી હવે જયારે કાગળ અને પેન સાથે મર્યાદિત સમયમાં પનારો પાડી પૂછેલ સવાલોના જવાબ લખવાની નોબત આવી છે ત્યારે વિદ્યાર્થીઓને એ પડકાર આકરો તો લાગશે જ. અગાઉ તો રીતસર પરીક્ષાની દષ્ટિએ પેપરો સોલ્વ કરાવતાં, સમયમાં પેપર કેવી રીતે પૂરું કરવું એની તાલીમ અને હિન્ટ્સ અપાતી. એ બધું આ વખતે પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓને નથી મળ્યું. એથી સીધા જ તરણકુંડમાં છલાંગ મારવા જેવી આ સાહસિક પરીક્ષા છે. એથી નબળું મનોબળ અને વ્યગ્ર માનસિકતા ધરાવતા બાળકો ડઘાઈ જાય તો નવાઈ નહીં લાગવી જોઈએ. બોર્ડ અને શિક્ષણ વિભાગ દ્વારા બાળકોનો ઉત્સાહ જળવાઈ રહે અને મનોબળ તૂટે નહીં, એવો સધિયારો આપવા કોશિશ જરૂર કરાઈ હશે, પરંતુ યુદ્ધના મેદાનમાં ઊતરેલા નવલોહિયા સૈનિકો પણ ઘણી વાર રડી પડતા જોવા મળે છે. એમ આ વખતની પરીક્ષામાં બેસનારાં કેટલાંક બાળકો સંવેદનશીલ બની જાય કે ભયગ્રસ્ત બનીને પેપર કોરું મૂકી દે, એવું પણ બની શકે. બોર્ડે જરા વધુ ઉદાર અભિગમ દાખવી સહેલા અને સમયસર લખાઈ જાય એવાં પ્રશ્નપત્રો કાઢવાનો પ્રયોગ કર્યો હોવાનું જાણવા મળે છે. છતાં, નાપાસ થવાના ડર કે ધાર્યા પરસેન્ટેજ નહીં લાવી શક્યાની ધાકમાં આવા ભાવુક છોકરડાં માટે પરીક્ષા કયારેક પિશાચીની બની રહેતી હોય છે, એવી ઘટનાઓ ન બને એની વાલીઓ, શાળાઓ અને શિક્ષકોએ ખાતરી રાખવી પડશે. ઉદાર પરિણામ આપવાથી કોઈનું કશું બગડી જવાનું નથી. પરંતુ કારકિર્દીના લક્ષ્યને નહીં આંબી શકાય એવા ભયથી કોઈ એક બાળક પણ પોતાનો ભોગ આપી દેશે તો એ આપણા સમાજ અને શિક્ષણ જગત ઉપરાંત સરકાર માટે કલંકરુપ ઘટના ગણાશે. એવું ન બને તે માટે પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી છે અને વ્યવસ્થિત વિદ્યાર્થી સમુદાયને પરિવાર તથા શિક્ષકો દ્વારા એ બરાબર ઠસાવવાની જરૂર છે કે પરીક્ષા એ છેલ્લું લક્ષ્ય નથી. દરેક વિદ્યાર્થીને આપણે અંતઃકરણપૂર્વક શુભાશિષ પાઠવીએ એ કે ધાર્યા કરતાં પણ વધુ ઊંચું મેરીટ મેળવે પરંતુ સાથે એ પણ જણાવીએ કે જીવન પરીક્ષા કરતાં ઘણું વધારે મૂલ્યવાન છે. આઈન્સ્ટાઈન, ગાંધીજી કે મોરારી બાપુ અને રવીન્દ્રનાથ ટાગોર જેવી વિભૂતીઓને પરીક્ષાના માપદંડથી માપતાં એ સાવ સાધારણ લાગે, પરંતુ જીવન પરીક્ષાથી પર છે અને તકો તો દરેક ક્ષણે નવો અવતાર લઈને આપણી રાહ જોતી જ હોય છે.

## સંબંધો સચવાય, સંબંધો જળવાય, દાયકાઓના સંબંધોનો આનંદ પઢીઓમાં પણ ઉતરે ત્યારે મળતી પ્રસન્નતા અણમોલ હોય છે

**અજવાળું - અજવાળું**
**તુષાર જોષી**



'ખબર નહિ કેમ ? પરંતુ હમણાં હમણાંથી એવું લાગે છે કે સંબંધો સાચવવાની ખુબ મથામણ કર્યા પછી પણ, અનેકવાર જતું કર્યું હોય તો પણ, ઉદાર બન્યા હોઈએ તો પણ, સંબંધો તુટે છે, બહુ દુઃખ થાય છે.'

એક પારિવારિક સ્વજને સહજ વાતચીતમાં એમનો અનુભવ કહ્યો અને એકાદ-બે ઉદાહરણ પણ આપ્યા, એણની આંખોનો ભાવ અને બોડી લેંગ્વેજ કહેતા હતા કે સાચ્ચે જ તેઓ દુઃખી હતા.

એક આવો બીજો કિસ્સો પણ છે જે મુંબઈનો છે. સૌરાષ્ટ્રમાં પિયર ધરવતી બે બહેનો મુંબઈમાં પરણે છે. બંનેના સંતાનો વચ્ચે પણ ખુબ માયા છે કોઈ વહેવારિક વાતે અથવા તો સ્વભાવગત બેમાંથી એક બહેન, એમાંયે એ મોટી હતી, એનો વહેવાર નાની બહેન સાથે એકાએક તોછડો, રૂક્ષ, બેદરકારીપૂર્ણ થઈ જાય છે. એ બંને વચ્ચેના સંબંધોમાં પડેલી કોઈ અગમ્ય તીરાડની અસર ઉત્સવોની ઉજવણીમાં પણ થઈ. નાની બહેનના દીકરાને એની કઝીન હંમેશા રક્ષાબંધનના દિવસે રાખડી બાંધવા ગઈ, આ વખતે બપોરે સુધીના ગઈ, ફોન કર્યો તો કહે કે ઓફિસમાં કામ છે, મૂળમાં એને જવું ન હતું.

આવા અનેક પ્રંસગો મારી ને તમારી આસપાસ દુનિયામાં બનતા જ રહે છે. સંબંધો, વર્ષો જૂના સંબંધો તૂટતા રહે છે. આવા સમયે જેઓ સંબધોને નિભાવવા બધું જ જતું કરે છે, સંબંધોને સાચવવા સમર્પિત રહે છે એવા લોકો દુઃખી થાય એ હકીકત છે, પરંતુ આવા લોકો આખરે કરે પણ શું ?

બહુ બધા લોકોની એવી ફરિયાદ હશે કે ઘરમાં મારી કોઈને પડી જ નથી, બધાં પોતપોતાનાા કામમાં વ્યસ્ત છે, ને મસ્ત છે, બસ એક હું જછું જેણે ઘર માટે ઢસરડા કરવાના છે અને છતાં કયારેય કોઈ જશ ના મળે !!!

કવિ મેઘબિંદુના ગીતની પંક્તિનો ઉઘાડ આવે છે,

સાંબાંધોની ગાગરથી
પાણી ભરીશું કેમ
લાગણીના દોરડા ઘસાયા
વાતોની વાવના ઉતરી પગથિયા
અમે પાણી પીધું ને ફસાયા

એક અજાણ્યો માણસ એક ક્ષણે આપણો થઈ જાય છે, આપણા હૃદયમાં વસી જાય છે અને પછી જયારે અચાનક આવજો પણ કહ્યા વિના જતો રહે છે ત્યારે આપણે સાવ સ્તબ્ધ થઈ જઈએ છીએ, ખબર નથી પડતી કે શું કરવું અને શું નહિં ? આખી દુનિયા જાણે આપણી દુશ્મન થઈ ગઈ હોય એવું લાગે છે.

સંબંધો તૂટે છે તેના કારણો જે તે વ્યક્તિઓના સ્વભાવ, સમય સાથે બદલાતા રહે છે. એક વત્તા એક બરાબર બે પણ થાય ને અગિયાર પણ થાય... પરંતુ કેટલાક પ્રાથમિક અને ઊડીને આંખે વળગે એવા કારણો પર નજર માંડીએ ત્યારે સમજાય છે કે સંબંધો તૂટે છે અને એમાં એક કારણ છે સામેના પાત્ર પાસેથી આપણી અપેક્ષાઓ. કોઈએ કહ્યું છે ને કે જરૂરિયાતો કદાચ પૂરી થઈ શકે, પરંતુ ઈચ્છાઓ કયારકે નહિ. આપણે સામેના માણસ પાસેથી વધુ ઈચ્છાઓ રાખીએ, અપેક્ષાઓ રાખીએ અને આખરે એના જોરે સંબંધો તૂટે છે. હરીન્દ્ર દવેની પંક્તિ છે.

કોઈનો સ્નેહ કયારેય
ઓછો હોતો નથી
આપણી ઈચ્છાઓ જ વધારે હોય છે.

એ જ રીતે સામેના માણસે આમ જ વર્તવું જોઈએ એવો આપણે અધિકારભાવ પણ ઘણીવાર સંબંધો તોડે છે. દુનિયાને માણસ પોતાની રીતે જ સમજે છે, કયારેક સામેના માણસની દષ્ટિએ સમજીએ તો સંબંધો તૂટતા બચી પણ શકે છે.

સંબંધો તૂટવાનું એક કારણ શંકા છે. સંબંધોમાં શ્રદ્ધા અને વિશ્વાસ જેટલા મજબૂત હશે એટલી શંકા ઓછી રહેશે અને જો શંકા એકવાર ઘર કરી ગઈ તો પછી આખરે સંબંધો તૂટે જ છે. સંબંધો તૂટે છે એમાં એક કારણ લેણીદેણી પણ હોય છે. નિમિત્ત ભલે વ્યક્તિ-ઘટના કે સમય બને, કદાચ ઉપરવાળાએ એક ચોક્કસ સમય માટે બે વ્યક્તિઓ વચ્ચે સંબંધોનો પ્રદેશ ઊભો કર્યો હોય છે અને એ પુરો થાય એટલે સંબંધો પૂર્ણ થાય છે. કોઈ વધી કર્મને પણ આની સાથે જોડે છે. અવલોકન અને અભ્યાસ કરીએ તો વાણી - વર્તન - વ્યવહારની વિવિધ બાબતો પણ સંબંધો તોડવામાં મહત્ત્વના પરિબળ પૂરવાર થતી હોય છે.

સરવાળે વાત એ કે સંબંધો બંધાય પણ છે અને તૂટે પણ છે, સંબંધોમાં ઉષ્મા અને ઉર્જા ખુબ હોય ત્યારે ચારે તરફ આનંદ આનંદ હોય છે, ને એ જ સંબંધો તૂટે ત્યારે જાણે મહાવિનાશ સર્જાયો હોય એવું પણ લાગે છે.

સંબંધો સચવાય, સંબંધો જળવાય, દાયકાઓના સંબંધોનો આનંદ પઢીઓમાં પણ ઉતરે ત્યારે મળતી પ્રસન્નતા અણમોલ હોય છે. જેટલી અને જયારે પણ મળે સંબંધોની ઉર્જા ને પામતા રહીએ, એમાં સમર્પણ ને સત્યનું, પ્રેમ અને પ્રાર્થનાનું તેલ ઉમેરતા રહીએ અને સંબંધોના અજવાળા ઝીલતા રહીએ.

### દિન મહિમા

- ૧૮૫માં મંગલ પાંડેએ અંગ્રેજ શાસન વિરુદ્ધ બગાવતનું રણશિંગુ ફૂંક્યું અને એ સાથે ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થયો.
- ૧૯૨૭ - ઉત્પલ દત્ત, ચલચિત્ર અભિનેતાની જન્મજયંતિ.

### આજનું ઔષધ

- હળદર અને મીઠાવાળા તાજા શેકેલા ચણા એક મુઠ્ઠી જેટલા સવારે તથા સાંજે સુતી વખતે ખાવાથી કાયમી શરદી અને ઉધરસ રહેતી હોય તે મટે છે.

### ખડખડાટ

- ઉપવાસની નવી સ્ટાઈલ. એક દિવસ આ બધી જ વસ્તુઓ વિના જીવવાનું : મોબાઈલ ફોન, ફેસબુક, વીજળી, ઈન્ટરનેટ, બાઈક, વોટ્સએપ, ટીવી.... આ ઉપવાસ કરી જુઓ ભગવાન પણ જમીન પર આવીને કહેશે. બસ ગાંડા રડાવીશ કે શું.

### આજનો વોટ્સએપ

- કર્યા પછી પ્રસન્ન રાખે એ 'પુણ્ય' ઉચાટમાં રાખે એ 'પાપ.'

# આપણે સંતાનને રટ્ટુ પોપટ બનાવવું છે કે ગરુડ બનાવવું છે?

**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**



૧૦-૧૨ની પરીક્ષા આવે અને માતા-પિતાની રાતની ઊંઘ ઊડી જાય. પરીક્ષાના ત્રણ કલાક આખા વર્ષની મહેનતનું આકલન બની જાય તે વાત જ ખૂબ અજુગતી છે. આખી દુનિયા માટે હાવર્ડ અને ઓક્સફર્ડ યુનિવર્સિટી સમાન નાલંદા અને તક્ષશિલા વિદ્યાપીઠ ભારતમાં હતી. સાંદિપની, દ્રોણ અને પરશુરામ જેવા નોબલ પારિતોષિક વિજેતા સમાન ગુરુઓની આ પાવન ભૂમિ હતી.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવી છે ત્યારે એક આશાનું કિરણ જાગ્યું છે. બાકી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની માર્કેટમાં દ્રોણ અને સાંદિપનીને પણ ધક્કે ચડાવીને તેવા શિક્ષણ દલાલો આંટા મારે છે. અત્યારની શિક્ષણ પદ્ધતિ આપણને ''સાઈલેન્સર'' જેવા પોપટ બનાવીને બહાર કાઢે છે. ગરુડ બનાવવાની ક્ષમતા આ શિયાળવાઓ પાસે નથી. પોપટની જેમ ગોખતા કે રટતાં આવડે તો ઘી કેળા છે. મુદ્દાને સમજ્યા છો કે નહીં તેનું જરા પણ મહત્ત્વ નથી. ગોખણપટ્ટી કેટલી આવડે છે તેનું મહ્ત્ત્વ છે. ભૂગોળની દસ વર્ષ જૂની ચોપડીમાં લખ્યું છે કે ચેરાપુંજીમાં સૌથી વધુ વરસાદ પડે છે, એટલે અત્યારે ગ્લોબલ વોર્મિંગની અસરને કારણે રાજસ્થાનના રણમાં પણ પૂર આવે છે તે નહીં ભણવાનું. પુસ્તકમાં નથી ને !

ગણિતમાં પાયથાગોરસના પ્રમેય શાળામાં શીખ્યા તેનો વ્યવહારિક જીવનમાં ક્યારેય ઉપયોગ કર્યો નથી. ભવિષ્યમાં કેવી રીતે સફળ થવું? મુશ્કેલીનો સામનો કેવી રીતે કરવો? સફળતા ન મળે અને નિષ્ફળતા સાંપડે ત્યારે સ્થિર કેવી રીતે રહેવું? તે આજે ૨૦૨૦માં કોઈ યુનિવર્સીટીના કોર્સમાં નથી.

નીલ પોસ્ટમેન નામના અમેરિકન શિક્ષણશાસ્ત્રી કહે છે કે : ''બાળક નિશાળમાં પ્રશ્નાર્થ ચિહ્ન સાથે દાખલ થાય છે અને પૂર્ણવિરામ સાથે બહાર આવે છે.'' પણ આજનું ચિત્ર જોઈને અફસોસ સાથે કહેવું પડે કે બાળક નિશાળમાં પ્રશ્નાર્થ ચિહ્ન સાથે દાખલ થાય છે અને બહાર નીકળે ત્યારે આશ્ચર્ય ચિહ્ન તેના માથે ભમતું રહે છે. વળી મા-બાપ પણ સાહિત્યના રસિયા જીવને જીવવિજ્ઞાનમાં દેડકા ચીરવા પરાણે બેસાડી દે છે. એ બિચારાને દેડકાના ડ્રાઉ-ડ્રાઉમાં વર્ષાઋતુની સોડમ આવતી હોય છે. ચિત્રના રંગોની દુનિયા છોડીને કેમેસ્ટ્રીની થિયરીમાં ગોઠવી દે છે. સંગીતના દિવાનાને ગણિતના દાખલાના ઢગલા નીચે દાટી દે છે. શું ગમે છે તે નહીં જોવાનું પણ શેનું માર્કેટ ચાલે છે, તે પ્રમાણે પોરિયાને ગોઠવી દેવાનો. સચિન કે ધોનીને પદ્મશ્રી આપતી વખતે ડિગ્રીના ફરફરિયા ચેક નહોતા કર્યા. લતા મંગેશકરને ભારતરત્નથી નવાજતી વખતે બેચલર ડિગ્રીની માર્કશીટ લાવવાનું નહોતું કહ્યું. પરંતુ જ્યાં કાબેલ બનીને સફળતા ન મેળવી હોય ત્યાં ઉછીની સફળતા જ મળે.૧૨ સાયન્સના રિઝલ્ટ પછી શિક્ષણના દલાલો માર્કેટમાં આવી જાય છે. કર્ણાટકમાં બીડીએસમાં એડમિશનના આટલા, મહારાષ્ટ્રમાં અલગ ભાવ. બસ તમે રૂપિયા ખર્ચો. તમારા બાળકો ભણશે નહીં તો ચાલશે. દર છ મહિને તગડી ફી ચૂકવતા રહો અને પાંચ-છ વર્ષે તમારો ગગો કે ગગી ડિગ્રી સાથે બહાર આવશે. આવા ગગાઓ પપ્પાએ લાવી આપેલી બાઈક પાછળ મમ્મીએ પુરાવી આપેલા પેટ્રોલથી ગર્લફ્રેન્ડને બેસાડીને સેર-સપાટા તો કરી શકે છે. પણ એ જ કન્યાને ઘરમાં બેસાડીને ઘરની જવાબદારી ઉપાડવાનું કહો તો ગગો ગગડી પડે છે. જરા ગણતરી માંડીએ બારમા ધોરણ પછી બીજા છ કે સાત વર્ષ ભણ્યા પછી એને શું મળે છે ઈન્ટરવ્યૂની લાંબી લાઈન ! અને ત્યાર પછી બારમા પછી પોતાની પસંદગીનું ક્ષેત્ર ન લીધું હોવાથી પરાણે પરાણે એન્જિનીયર બન્યા હોય. હરિફાઈના યુગમાં બધા તમારાથી આગળ જવા તત્પર હોય. દિલ લગાવીને કામ કરો તો જ સફળ થવાય પરંતુ દિલ તો લાગે જ ક્યાંથી આપણે તો દિમાગ લગાવીને કોર્સમાં ઘૂસ્યા હતા. પછી બી.ઈ. સિવિલ થઈને કોલ સેન્ટરમાં નોકરી કરે. એવા ઈરાદે કે પૈસા મળે છે ને ભાઈ. પૈસા જ મહત્ત્વની ચીજ છે. પણ job satisfaction પણ જરૂરી છે ને ! પૈસા તો ચાની લારી કરવાથી પણ મળ્યા હોત અને તેમાં પણ આપણા માલિક તો આપણે જ હોત ને.

જેના મગજમાં સર્જનાત્મક વિચાર નથી આવતા એ ઈશ્વરના કરિશ્માનું અપમાન કરે છે, પરંતુ પુસ્તકિયા જ્ઞાનનો વાયરસ આપણા મગજના કમ્પ્યુટરમાં એવો ભરાઈ બેઠો છે કે ક્રિએટિવિટીને જામ કરી દઈને આપણી સિસ્ટમને કરપ્ટ કરી દે છે. આ વાહિયાત ડેટાને જલદીમાં જલદી recycle binમાં નાખી દેવો જરૂરી છે. આવી ફોર્થ ક્લાસ માહિતીનો ડેટા અંદર રાખતા રહીશું તો ઈશ્વરે આપણને આપેલા કરિશ્માનો અપમાન થયું ગણાશે.

આવા માહોલમાં જિંદગીમાં કંઈક ઉકાળવું હોય, કાઠું કાઢવું હોય, કંઈક કરી બતાવવું હોય તો out of the box વિચારવું પડશે ખૂબ વાંચવું પડશે, ચર્ચાઓ કરવી પડશે, સતત અપડેટ થયા હતા રહેવું પડશે. સમસ્યાની ભાષામાં વાત કરવાના બદલે સમાધાનની ભાષામાં વાત કરતા શીખવું પડશે.

સંતાનને પોપટ બનાવવું છે કે ગરુડ એ માતા-પિતા નક્કી કરી લે અને યુવાનોએ પણ નક્કી કરી નાખવાનું છે કે સાયલન્સર જેવા રટ્ટુ પોપટ બનીને સમાજમાં અસહ્ય દુર્ગંધ ફેલાવવી છે કે પછી સર્જનાત્મક ક્રિએટિવ રેંચો બનીને દેશને ખરા અર્થમાં સુવાસિત કરવો છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એક ઊર્જા લઈને આવી છે. તેનો અમલ કરવો અને કરાવવો, તેના દરેક પાસાને સમજવા અને સમજાવવાં તે આપણું પરમ કર્તવ્ય છે. આઝાદીના આટલા વર્ષો બાદ આપણે મેકોલેની ચુંગલમાંથી આઝાદ થઈને કંઈક નવું કરવાની હામ ભરી છે. આ શિક્ષણ નીતિ આપણને રચનાત્મકતા અને સર્જનાત્મકતાના સોપાનો સર કરાવશે તેમાં બેમત નથી પરંતુ તેની પૂર્વ શરત એ છે આ શિક્ષણ નીતિને સમજીને તેના વિશે પૂરતો અભ્યાસ કરીને આપણે આગળ વધવાનું છે.

કોમર્સના અનુસ્નાતક વિદ્યાર્થીને બેંકમાં જઈને સ્લીપ બુક કરતા પણ ન આવડે તેવી ભયાવહ પરિસ્થિતિ અત્યારે છે. તેમાંથી બહાર નીકળવાનું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હનુમાન કૂદકો છે અને હનુમાનજીએ જ્યારે સાગર પાર કરવા માટે કૂદકો લગાવ્યો ત્યારે મધદરિયે ઘણા રાક્ષસો અને રાક્ષસીઓ તેમના સાગર પાર જવાના નિશ્ચયને ડગાવવા માટે આવ્યા હતા પરંતુ તેઓ અટક્યા નહીં. આપણે પણ અટક્યા વગર આગળ વધવાનું છે. વિદ્યાર્થીઓને અઢળક કસોટી માટે શુભેચ્છાઓ અને પરિણામ માટે આગોતરા અભિનંદન.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# નવરા બેસી રહેવાની આદત પડી જાય પછી એ દૂર કરવી અઘરી છે

**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com



એક ભાઈ હંમેશા ભવિષ્યની ચિંતામાં દુઃખી જ રહે. મારા કાયમી ક્લાયંટ્સ જળવાઈ નહીં રહે તો ? નવા ક્લાયંટ નહી આવે તો ? મારા પુત્ર અને પુત્રવધૂ વિદેશ પ્રવાસે ગયા છે એમને કોઈ અકસ્માત તો નહીં થાય ને ? વગેરે વગેરે ન જોઈતા વિચારો કરીને એમનો વર્તમાન સમય એ ચિંતાની ઉપાધિ વહોરી વ્યગ્રતામાં વિતાવે. સમયનું મૂલ્ય સમજવામાં એ ભાઈ સદાય ઊણા ઉતરતા. બિનજરૂરી ઉપાધિના વિચારોથી એમનો વર્તમાનનો આનંદ ઓલવાઈ જતો અને હંમેશા ટેંશનમાં જ રહે. ચિંતા કરવામાં જે વ્યક્તિ સમય વેડફે આગળ જતા સમય એને વેડફે છે. જે સમય ચિંતામાં વ્યતિત થાય છે એ કચરા ટોપલીમાં જાય છે અને જે સમય ચિંતનમાં જાય છે એ આનંદનો ખજાનો બની જતો હોય છે. એક ચિંતકે સાચુ જ કહ્યું છે કે, વર્તમાનનું ચિંતન ભવિષ્યને વધુ દેદિપ્યમાન બનાવી શકે છે.



વેસ્ટર્ન વર્લ્ડમાં આજકાલ બે વિચારધારા બહુ ચર્ચામાં છે. એક ટાઈમ કેપ્સ્યુઅલ અને બીજુ ટાઈમ બોક્સિંક. ટાઈમ કેપ્સ્યુઅલ ભૌતિક ચીજવસ્તુઓ કે મહત્વપૂર્ણ માહિતીનો સંગ્રહ છે. આનું મહત્વ એટલે છે કે, આગામી સમયમાં પ્રબુદ્ધો અને ચિંતકો માટે એ ઉપયોગી થાય છે. યાદગાર સ્થળો, અવિસ્મરણીય પબ્લિક ગેધરિંગ, અગત્યના સમારંભોના આયોજન વેળા ઘણીવાર ટાઈમ કેપ્સ્યુઅલ બનાવીને ત્યાં જમીનમાં દાટી દેવામાં આવતી હોય છે. ટાઈમ કેપ્સ્યુઅલ શબ્દ અને એનો કંન્સેપ્ટ વર્ષ ૧૯૩૮માં પ્રચલીત થયો. પરંતુ આદી અનાદી કાળથી જે તે સમયનું ચિંતન કેપ્સ્યુઅલમાં રાખી તે સમયની ઘટનાને તાજી રાખવાનું ચલણ જોવા મળ્યું છે. સને ૧૭૬૧ની આસપાસ બોસ્ટનના ઐતિહાસિક ફેન્યુઈલ હોલની ટોચ ઉપર કેટલીક તારીખની વિગતોની કલાકૃતિ મૌજૂદ છે. એમ કહેવાય છે કે, અમેરિકામાં સૌથી પુરાણી ટાઈમ કેપ્સ્યુઅલ છે.

આની સાથો સાથ ટાઈમ બોકસીંગની વિચારધારાએ પણ જોર પકડ્યું છે. વિચારેલા અગત્યના કાર્યો માટે સમયને યોગ્ય રીતે સુનિશ્ચિત કરવાની પ્રક્રિયાને ટાઈમ બોક્સિંગ કહે છે. આ સમય વ્યવસ્થાપનની અદભુત ટેકનિક તરીકે જગતમાં વિકસેલો નવતર વિચાર છે. સો વાતની એક વાત છે કે, જે જોઈ શકાતો નથી, સાંભળી શકાતો નથી અને પકડી શકાતો નથી એવો સમય સૌથી મૂલ્યવાન છે. સમય સંસ્કૃત શબ્દ સમ ઉપરથી આવ્યો છે. સમ એટલે એકધારુ, નિરંતર, નિત્ય. સમયના એક એક ટૂકડાઓ જોડાય એટલે જીવન બને. જીવન અને સમય બંનેનું મહત્વ અપાર છે. જીવનને જીવવા લાયક ત્યારે જ બનાવી શકાય કે જ્યારે સમયનું સુયોગ્ય સમાયોજન કરતા આવડે. અંગ્રેજીમાં જાણીતી કહેવત છે, ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફોર નન. એટલે સમય અને સાગરની ભરતી કોઈની રાહ જોતી નથી, કોઈની શરમ ભરતી નથી.

પ્રશ્ન એ થાય કે, સમયને ગોઠવવો કેમ ? સીધી સાદી વાત છે કે, કોઈપણ સમયે ખાલી ન બેસી રહેવાય. પોતાની જાતને હંમેશા કોઈને કોઈ વાતમાં બીઝી રાખવાની આદત કેળવવી પડે. કહેવાય છે કે, ખાલી દિમાગ શૈતાન કા ઘર હોતા હૈ. મનને નવરાશ ન આપવી જોઈએ. જે પણ કામ કરી રહ્યા હોઈએ એ સમય બાદ બચતા સમયમાં બીજુ કોઈ કામ હાથ ઉપર લઈ લેવું જોઈએ. આમ કરવાથી બે લાભ મળી શકે એક તો જે રૂટિન કામ છે એ તો થાય જ છે સાથે સાથે બીજી કોઈ રચનાત્મક વાત પણ આગળ ધપતી જાય છે. અભ્યાસ કે નોકરીની પછીના સમયમાં યોગ, જીમ, અન્ય દેશની ભાષા શીખવાની પ્રવૃત્તિ વગેરે કરી શકાય. આ બધુ ઓનલાઈન કે ઓફ લાઈન બન્ને રીતે કરી શકાય. પરંતુ મોટી વાત તો એ છે કે, અન્ય કોઈ પ્રવૃત્તિ કરવા માનસિક રીતે તૈયાર થવું પડે.

ઓશો તેમના શરૂઆતના સમયમાં જ્યારે આચાર્ય રજનીશ કહેવાતા ત્યારે કૉલેજમાં પ્રોફેસર હતા. વિદ્યાર્થીઓને ભણાવવાની સાથે સાથે તેઓ કૉલેજના નિયત સમય બાદ પ્રબુદ્ધોના સમૂહોને મળી પ્રવચનો આપવાના બીજા કામમાં સમયનો ઉપયોગ કરતા. આગળ જતા વિશ્વના પ્રસિદ્ધ ચિંતક અને વકતા બન્યા. એવી જ રીતે એપલ કંપનીના સ્ટીવ જોબ્સે વિદ્યાર્થીકાળમાં કેલીગ્રાફીનો અભ્યાસ કર્યો. આગળ જતા એમના સોફ્ટવેરમાં ડોટ્સ સિંક્રોનાઈઝીંગમાં એમણે શીખેલી કેલીગ્રાફી ઊગી નીકળી. કહેવાનું તાત્પર્ય એ છે કે, મનને સતત કાર્યશીલ રાખીને એક કામના નિયત સમય પછીના વધારાના સમયમાં નવરા બેસી રહેવા કરતાં અન્ય કોઈપણ રચનાત્મક કાર્યમાં આપેલો સમય ભવિષ્યમાં કોઈ ને કોઈ રીતે અવશ્ય ઊગી નીકળતો હોય છે.

એકવાર નવરા બેસી રહેવાની આદત પડી જાય પછી એ દૂર કરવી બહુ અઘરી છે. નવરાશ માણવાની લત કેન્સરની બિમારી જેવી છે. એ સતત પગ પસારીને વિસ્તરતી જાય છે. કામમાંથી નિવૃત્તિ એ મોતની નજીક લઈ જતી માનસિકતા છે. નોકરીની સેવા નિવૃત્તિ તો વય મર્યાદાની સમાપ્તી માત્ર છે. સેવા નિવૃત્તિ બાદ પણ પ્રવૃત્ત રહી પોતાની અલગ દુનિયા બનાવનારા જિંદાદીલીથી જીવતા હોય છે. વયનિવૃત્તિ પછી પોતાને ગમતી અને આનંદ આપતી પ્રવૃત્તિથી જીવનનો ચાર્મ ટકી રહેતો હોય છે. વાંચન, લેખન, સમાજ સેવા, આવડત હોય એ ક્ષેત્રની કન્સલ્ટંસી જેવી કોઈ પણ મનગમતી પ્રવૃત્તિની મજા છે.

સામાન્ય રીતે વ્યક્તિ એમ વિચારે કે એક કામ પુરું થઈ જતા હવે મારી પાસે સમય છે એને પસાર કરૂ. સમય પસાર કરવા માટે એની પાસે બે વિકલ્પો છે. એક તો સમય પસાર કરવા ગમે તેવા કામમાં સમય વેડફવો અને બીજું એ સમયનો સદઉપયોગ કરી ચિત્તમાં ઊર્જા ભરે એવી પ્રવૃત્તિ કરવી. કંઈક એવી પ્રવૃત્તિ કરવી જોઈએ કે જેનાથી પોતાની જાતને વધુ સારું લાગે. ટૂંકમાં કંઈપણ ગમે તેવુ કામ કરવા કરતાં હદયને ગમે એવું કરવું જોઈએ. ખાલી નવરાશમાં સમય પસાર કરવા ખાતર સમય પસાર કરવાની વાતમાં દમ નથી. વધારાના સમયનું કામ કદાચ કેરીયરને લગતુ ન પણ હોય. ભવિષ્યમાં એ ક્યાં, ક્યારે અને કેવી રીતે કામમાં આવશે એનો અંદાજ એ સમયે ન જ આવે. નાની નાની પ્રવૃત્તિઓ વ્યક્તિને એક અલગ કક્ષાએ પહોંચાડવાનું દ્વાર ખોલે છે. જ્યારે સમય મળે ત્યારે મિત્રો સાથે ફરવાનો પ્રોગ્રામ બનાવીએ ત્યારે એને ટાઈમ પાસ કરવાના એંગલ કરતા કશુંક જાણવાના આશયથી ફરવા જવાનો દ્રષ્ટિકોણ આંતરિક બળ આપે છે.

અભ્યાસનો હેતુ ડિગ્રી લઈને બહાર નીકળવા કરતા એક બહેતરીન વ્યક્તિ તરીકે સમાજમાં આવવાનો સંતોષ અગત્યનો છે. જ્યારે બે-ચાર વર્ષે કોઈ મળે અને કહે કે 'યાર, તું તો બિલકુલ નથી બદલાયો.' ત્યારે એ વખાણ સમજવાની ભૂલ ન કરવી. આ ટીપ્પણી તો મનમાં ખૂંચવી જોઈએ. જ્યારે કોઈ કહે કે, 'દોસ્ત, તું તો બિલકુલ બદલાઈ ગયો છે' ત્યારે એમ સમજી શકાય કે એણે કંઈક નવું શીખ્યું છે. આ બાબત ટીનએજર્સ કે ૨૫-૩૦ વર્ષના યુવાનો માટે સિમિત નથી. આ પ્રત્યેક વ્યક્તિને એના સમગ્ર જીવનકાળ દરમિયાન અપનાવવા જેવી વાત છે. આજે જે વ્યક્તિ મળે તે છ-બાર મહિના પછી મળે તો તે બૌદ્ધિક રીતે વિકસેલો હોવો જ જોઈએ. એના વિચાર, વાણી અને વર્તનમાં બદલાવ મહેસુસ થાય એની મજા છે. આ બદલાવ અનુભવાય તો એણે સમયનો સદઉપયોગ કર્યો છે એમ સમજી શકાય.

પરમાત્માએ પ્રત્યેક જીવને વિશાળતાના આનંદની સ્વભાવગત લાક્ષણિકતા આપી છે. ક્યારેય વિચાર્યું છે સાગર, જંગલ કે પહાડની ટોચ ઉપર આપણને કેમ આનંદ આવે છે ? એનું કારણ એટલું જ કે અફાટ સાગરની વિશાળતા, પહાડની ટોચ ઉપ ફેલાયેલુ અનંત આકાશ વગેરે કોલાહલ ભરેલાં મનને શાંત કરી દે છે. આવી જગાઓએ જીવનના મોટા લાગતા પ્રશ્નો આપોઆપ નાના લગવા માંડે છે. ઘરના ઓરડામાં કે આંઠ-દસ ઈંચના મોબાઈલની સ્ક્રીનમાં માથું ખોસીને બેસી રહેનારાઓને નાના નાના પ્રશ્નો પણ ભીમકાય લાગતા હોય છે.

સમય થપ્પડ મારીને શાણા બનાવે એ પહેલા સમયસર પ્રવૃત્ત બની જવામાં શાણપણ છે. પતંગિયુ થોડા કલાકોનું જ મહેમાન હોય છે, પરંતુ કેવું નાચતું, જુમતું અને ગાતું હોય છે. એનું કારણ એટલું જ કે એ પ્રત્યેક ક્ષણ એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર ઉડતુ રહીને એ સતત પ્રવૃત્ત રહે છે. સમયસર કરેલું નાનુ કાર્ય પણ ઉત્તમ પરિણામ આપી જાય છે અને સમય વહી ગયા પછી કરેલું મહત્વનું કાર્ય પણ એળે જાય છે.

**ધબકાર :**

સમયને ક્યારેય પકડી નથી શકાતો પણ સમય સાથે પ્રવૃત્ત રહીને વિકસી જરૂર શકાય છે.